# રામોત્સવ અભિવ્યક્તિ કાર્યક્રમ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અંતર્ગત રામ પ્રતિષ્ઠા કાર્યક્રમ ખૂબ જ હર્ષોલ્લાસ દ્વારા ઉજવવામાં આવ્યો હતો. ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી અને ભારતીય શિક્ષા મંડળના ઉપક્રમે અયોધ્યામાં રામની પ્રભુ ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠાના પાવન અવસરે તા.22/01/2023 ના રોજ એક્ષટેન્શન એક્ટીવીટી "રામોત્સવ અભિવ્યક્તિ" કાર્યક્રમનું આયોજન ગૌતમ હોલમાં કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓએ રામ, રામાયણ અને રામાયણના પાત્રો પર સૌએ પોતપોતાની અભિવ્યક્તિની રજૂઆત ગીત, ભજન, નૃત્ય, કાવ્ય પઠન અને અન્ય પ્રસ્તુતિઓ દ્વારા અદ્ભુત રીતે કરી હતી. આ કાર્યક્રમમાં ભારતીય શિક્ષા મંડળના કાર્યકર્તાઓએ પણ પોતાની સક્રિય ભાગીદારી આપી હતી. સદર કાર્યક્રમમાં યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાયજીએ પોતાના વિચારોની રજૂઆત કરતા કહ્યું હતું કે, રામ અને આપણો અસ્તિત્વ જ્યારે એકબીજાનો પર્યાય બની જાય ત્યારે રામોત્સવ થાય છે. રામ રાજય જયારે અસ્તિત્વમાં આવે છે ત્યારે બધામાં રામત્વનો જન્મ થાય છે." તેમણે રામત્વનો મહત્વ ખૂબ ઊંડાણપૂર્વક સમજાવ્યો હતો. સદર કાર્યક્રમમાં યુનિવર્સિટીના નિયામકશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, કર્મચારીશ્રીઓ હાજર રહ્યાં હતા. કાર્યક્રમને સંલગ્ન જ્યોતિર્મય પરિસરને દીપક જ્યોતથી પ્રજ્વલ્લિત કરવામાં આવ્યો હતો. સદર કાર્યક્રમની પૂર્ણાહુતિ મહાઆરતી થકી પૂર્ણ જાહેર કરવામાં આવ્યો.

















